| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૧૮/૦૯/૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૮/૦૯/૨૦૨૫ |
| નિકાલ કર્યા તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ – માસ – દિન |
| | |

**<u>સાણંદ નાં મહે. બીજા એડીશ્નલ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફ. ક. શ્રીની અદાલતમાં,</u>**
**<u>મુકામઃ સાણંદ</u>**

**ફો.કેસ નં.૩૨૭૦/૨૦૨૫**
**આંક :–**

**શ્રી સ ર કા ર** ..........**ફરીયાદી**

**વિરુધ્ધ**

**નરેશભાઈ જીલુજી ઠાકોર**
રહે.ખોરજ ગામ.. તા.સાણંદ જી.અમદાવાદ

................**આરોપી**

| | |
|---|---|
| **ગુનો:–** | **પ્રોહિબિશન એકટની કલમ–૬૫એએ મુજબ...** |

| | |
|---|---|
| **ફરિયાદ પક્ષે** | **વિ.એ.પી.પી . શ્રી એમ.કે.શાહ** |
| **આરોપી પક્ષે** | **વિ.વકીલ શ્રી એસ.એસ.પરમાર** |

**<u>જજમેન્ટ</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તારીખ.૨૨/૦૯/૨૦૨૪ના કલાક ૧૪/૦૦ વાગે મોજે ખોરજગામમા પોતાના કબજા ભોગવટામા ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે દેશી દારુ લીટર ૦૫ કી.રૂ ૧૦૦૦/ નો રાખી , રેડ દરમીયાન હાજર નહી મળી આવી ગુનો કર્યા જેથી આરોપી સામે સાણંદ પો.સ્ટે.માં ફરિયાદ આપતા ગુ.રજી.નં.**૧૧૧૯૨૦૦૩૨૪૦૩૨૦/૨૪**થી ગુન્હો દાખલ થયેલ છે અને તપાસના અંતે આરોપી સામે પૂરતો પુરાવો હોવાથી તેઓ સામે હાલનું ચાર્જશીટ કરવામાં આવતા તેને ફોજદારી કેસ રજિસ્ટરે લઈ ફો.કે. નંબર **૩૨૭૦/૨૦૨૫**

આપેલ છે .

(૨) આ કામના આરોપીને સમન્સ કાઢતા, આરોપી મુદૃતે હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામા આવેલ છે અને ત્યારબાદ આ કામનાં આરોપી વિરૂઘ્ધ આંક–૦૬ થી તોહમતનામુ ફરમાવી, આંક–૦૭ આરોપીનું નિવેદન નોંઘવામા આવેલ.જેમાં આરોપીએ તેમની સામેના આક્ષેપીત તહોમતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષને તેમનો કેસ પુરવાર કરવા માટે પુરાવો રજુ કરવા જણાવેલ.

(૩) આ કામમા ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા લેખીત પુરાવો રજુ થયેલછે.

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ત.ક.અ. દીલીપસિંહ ઘનશ્યામસિંહની જુબાની | ૦૮ |
| ૦૨ | ફરીયાદ | ૦૯ |
| ૦૩ | પંચસાહેદ રાજદીપસિંહ અજીતસિંહ ગોહીલ | ૧૦ |
| ૦૪ | પંચનામુ | ૧૧ |
| ૦૫ | પંચસાહેદ વીપુલકુમાર ભાનુપ્રસાદ વચાસ | ૧૨ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખીક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા,આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો મળી ન આવતા,આ કામે આરોપીનુ સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન નોંઘવામા આવેલ નથી. ત્યારબાદ સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની દલીલો સાંભળી તેમજ આરોપી તરફે વિઘ્વાન વકીલ શ્રી ની દલીલો સાંભળવામા આવી.

(૫)....ઉપરોકત હકીકતે હાલના કેસના ન્યાયિક નીર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧)શું ફરીયાદપક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટામા ગે.કા.વગર પાસ પરમીટે દેશીદારૂ લીટર ૦૫ કિ.રૂા.૧૦૦૦/–નો રાખી રેઈડ દરમ્યાન ઘરે હાજર મળી આવેલ ન હોય, આરોપીએ ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૫એએ મુજબ ગુન્હો કરેલ છે?

(૨) છેવટે શું હુ ક મ ?

**(૬).......** ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નીર્ણયો નીચે મુજબ છે.

૧) નકારાત્મક

૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**<u>કારણો</u>**

**<u>મુદા નં. ૧ :–</u>**

**(૭.૧)** ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષ ધ્વારા આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે અને જયાં સુધી આરોપી સામેના ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. આરોપી સામેના આક્ષેપો સાબિત કરવા માટે ફરિયાદપક્ષ તરફથી સકારાત્મક પુરાવાઓથી આરોપી સામેના આક્ષેપો સાબિત કરવા જોઈએ.

**(૭.૨)** ફરીયાદપક્ષના પુરાવાની ક્રમાનુસાર ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષે આ કામે આંક ૦૮થી ત.ક.અ.દીલીપસિંહ ધનશયામસિંહને_તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે હાલ તેઓ સાણંદ જી.આઈ.ડી.સી. પો.સ્ટે. ખાતે ફરજ બજાવે છે.સને ૨૦૨૫મા ફરીયાદી અજીતસિંહ ગગુભા સાણંદ જી.આઈ.ડી.સી. પો.સ્ટે. વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમીયાન ફરતા ફરતા ખોરજ ગામના પાટીયા ખાતે આવતા અજીતસિંહ ગગુભાને ખાનગી રાહે તેમના અંગત

બાતમીદાર મારફતે હકીકત મળેલ કે,ખોરજ ગામ પરાવાસમા રહેતા નરેશ જીલુજી ઠાકોર દેશીદારુ વેચવાનો ગે.કા.ધંધો કરે છે. જે મતલબની બાતમી હકીકતની અ.હે.કો.ચાવડાનાઓને જાણ કરતા નજીકમાથી બે પંચોના માણસો બોલાવી પંચોના માણસોને બાતમી હકીકતથી વાકેફ કરી ખાનગી વાહનમા સદરી બાતમી હકીકતવાળી જગયાએ આવતા તપાસ કરતા જે તે જગયાએ કોઈ હાજર ના હોય પંચો રુબરુ તપાસ કરતા એક કાપડની થેલીમા પ્લાસ્ટીકની પોટલીઓ મળી આવેલ.આ પ્લાસ્ટીકની પોટલીઓમા પ્રવાહી ભરેલી કોથળીઅ મળી આવેલ. જે પ્લાસ્ટીકની પારદર્શક કોથળીઓના મોઢીયા ખોલી અંદરનુ પ્રવાહી પંચો રુબરુ સુંઘી સુંઘાડી જોતા તેમાથી દેશીદારુની પુષ્કળ વાસ આવતી હોય જે જે પ્લાસ્ટીકની પારદર્શક કોથળીઓ ગણી જોતા ૨૫ પોટલીઓ મળી આવેલ.જે એક પોટલીમા ૨૦૦ મી.લી. દેશીદારુ લેખે ૦૫ લીટરની કુલ કીંમત રૂ. ૧૦૦૦/લેખે ગણી તે મળી આવે પ્લાસ્ટીકની કોથળીઓમાથી થોડો આશરે ૨૦૦ મી.લી. જેટલો દેશીદારુસેમ્પલ અર્થે એક પ્લાસ્ટીકની બોટલમા ભરી લઈ કીંમત રૂ.૦૦/૦૦ની ગણી પ્લાસ્ટીકની બોટલનુ ઢાંકણુ તથા તમામ પ્લાસ્ટીકની દેશી દારુ ભરેલી કોથળીઓ જે તે હાલતમાં મુકી પ્લાસ્ટીકની બેગનુ મોઢીયુ બંધ કરી જે બોટલ તથા પ્લાસ્ટીકની કોથળીના પંચનામા વીગતે પાકા શીલ કરી પંચનામુ કરી મળી આવેલ મુદામાલ તથા સેમ્પલ બોટલ તપાસ અર્થે કબજે લીધેલ છે . જેથી સદરી આરોપીબેન નરેશભાઈ જીલુજી ઠાકોરનાઓને પોતાના કબજા ભોગવટામા ગે.કા. રીતે વગર પાસપરમીટે દેશીદારુ લીટર ૦૫ કીંમત રૂ.૧૦૦૦/નો રાખી રેઈડ દરમીયાન હાજર મળી આવેલ ન હોય મારી તેના વિરુદ્ધમાં પ્રોહી એકટ કલમ ૬૫ (એ)(એ)મુજબ કાયદેસર થવા ફરીયાદ અજીતસિંહ ગગુભાનાઓને આપેલ. જે અમારા સહ કર્મચારી હોવાથી અમો ઓળખીએ છીએ.આજરોજ અમોને ફરીયાદ બતાવામા આવેલ છે.જેમા ફરીયાદી તરીકે અજીતસિંહ ગગુભાનોઓની સહી છે.જે અમો ઓળખીએ છીએ તે જ છે.જેને આંક ૯ આપવામા આવેલ છે.ત્યારબાદ તપાસ અમોને સોપતા લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધા. જેના ચાર્જશીટ કોર્ટમા રજુ કરેલ

જયારે સદર ત.ક.અ.ની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા

એ હકીકતને ઈન્કારેલ છે કે, સાહોદોના નીવેદનો અમોએ જાતે લખી લીધેલ . એ વાત ખરી છે કે મુદામાલ મળેલ સ્થળે નાકોઈ માલીકી અંગેના પુરાવા આ કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે સદર કામે પુરતો પુરાવો નહી હોવા છતાં આરોપી વિરુદ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે . માત્ર સારી કામગીરી દર્શાવવા ખોટુ ચાર્જશીટ કરેલ છે .

(૭.૩)ત્યારબાદ ફરીયાદપક્ષે પંચસાહેદ રાજદીપસિંહ અજીતસિંહ ગોહીલને આંક.૧૦થી તપાસવામા આવેલ છે. તેઓ તેમનીજુબાનીમા જણાવે છે કે , તેમને આજ રોજ એક પંચનામુ બતાવામા આવે છે તેમા પંચ નં.૧ તરીકે જે સહી છે તે મારી છે. આ સહી મે પોલીસે લખેલા એક તૈયાર કાગળમા કરેલી. આ લખાણ શેનુ હતુ તે મને ખબર નથી. મે આ લખાણ વાંચેલુ કે તે સમયે મને કોઈએ વાંચી સંભળાવેલુ નહી. સદર પંચનામાનેં આંક.૧૦ આપવામા આવેલ છે . જેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે જે તે જ છે

આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા તેમા પણ કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી.

જયારે સદર પંચસાહેદની આરોપીના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ વાતને સ્વીકારેલ છે કે,તેઓએ તૈયાર લખેલા પંચનામામા સહી કરેલી.

(૭.૪ ) ફરીયાદપક્ષે પંચસાહેદ વીપુલકુમાર ભાનુપ્રસાદ વયાસને આંક.૧૨ થી તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, તેમને આજ રોજ એક આંક:૧૨ વાળુ પંચનામુ બતાવવામા આવેલ તે જોઈને તેઓ કહે છે કે તેમા પંચ ર તરીકે તેમની સહી છે તે તેમની છે. આ સહી તેઓએ પોલીસે લખેલા એક તૈયાર કાગળમા કરેલી. આ લખાણ શેનુ હતુ તેની તેમને ખબર નથી, તેઓએ આ લખાણ વાચેલુ કે તે સમયે તેમને કોઈ વાંચી સંભળાવેલ નહી.

આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા તેમા પણ કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી.

જયારે સદર પંચસાહેદની આરોપીના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ વાતને સ્વીકારેલ છે કે,તેઓએ તૈયાર લખેલા પંચનામામા સહી કરેલી.

(૮) આમ સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરિયાદપક્ષના કેસ મુજબ ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યા મુજબની તારીખ અને સમયે આ કામના તહોમતદાર પોતાના કબ્જામાં ગે.કા. પાસ પરમીટ વગર દેશીદારૂ લીટર–૦૫ કિં.રૂા.૧૦૦૦ /– નો દેશીદારૂ વેચાણ અર્થે રાખી હાજર મળી આવેલ ન હોય આરોપી સામે ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૫એએ મુજબ હાલનો કેસ દાખલ કરેલ છે.

(૯) ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીના કબ્જામાંથી તેઓએ પંચો રૂબરૂ ૦૫ લિટર દેશીદારૂ કબજે કરેલ છે. આ સમગ્ર કેસની હકીકતો જોતા ફરિયાદપક્ષ ધ્વારા આ કામે ફકત પોલીસ સાહેદ જ તપાસેલા છે, જયારે પ્રોસિકયૂશનના કેસ મુજબ કહેવાતા બનાવ સ્થળની જગ્યા રહેણાંક વિસ્તાર છે ત્યાં ઘણા બધા રહેણાંકના મકાનો આવેલા છે અને ઘણાબધા માણસોની અવરજવર રહે છે, તો પ્રોસિકયૂશન પોતાનો કેસ સાબિત કરવા સ્વતંત્ર સાહેદોને તપાસી શકયુ હોત. તેમજ હાલના કામે પંચસાહેદો એ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી તેઓએ પંચંનામામા ફકત પોતાની સહી ઓળખી બતાવેલી છે. પંચસાહેદોએ જણાવેલ છે કે, પોલીસે એક તૈયાર લખેલા કાગળમા સહી કરાવેલી તે કાગળમા શુ લખેલ તે તેમને ખબર નથી આમ, આ પંચસાહેદના પુરાવાથી પંચો રૂબરૂ મુદ્દામાલ દેશીદારૂ કબજે કરેલ હોવાની હકીકતો પુરવાર થતી નથી. આ કામે જે સાહેદ તપાસવામાં આવેલા છે તે પોલીસસાહેદ છે તેથી સ્વાભાવિક છે કે તેઓ પોતાની ફરિયાદ હકીકતને વળગી રહે પરંતુ જયાં સુધી તેઓના પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પોલીસ સાહેદનો પુરાવો વિશ્ર્વસનીય માની આરોપીને સજા કરી શકાય નહી. કબજે થયેલ મુદામાલ માદક પદાર્થ તપાસ અર્થે એફ.એસ.એલ.મા મોકલેલ હોય તેવો રેકર્ડ પર કોઈ પુરાવો નથી. વધુમા ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ – ૧૧૬(સી) મુજબ આરોપી પાસેથી કબ્જે થયેલ દારૂના પૃથ્થકરણનો રિપોર્ટ રજૂ થતો નથી તેથી આરોપી પાસેથી જે મુદામાલ મળી આવેલ

તે ખરેખર દારુ હતો કે કેમ તે હકીકત સાબિત થતી નથી તે સંજોગોમાં ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી પાસેથી ૫ લીટર જેટલો દેશી દારૂ મળી આવેલ હોવાનુ સાબિત થતુ નથી. આમ પ્રોસિકયૂશનના કેસ મુજબનો કોઈ ગુનો સાબિત થતો ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ ''**નકાર**'' માં આપુ છું . અને મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબ નો ''**આખરી હુકમ**'' ફરમાવું છું .

## –:: આખરી હુકમ :–

(૧) આ કામના આરોપી **નરેશભાઈ જીલુજી ઠાકોર** રહે.**ખોરજ** ગામ,સાણંદ,અમદાવાદ (ગ્રામ્ય) નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) મુજબ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબનાં કામે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર ચુકાદા વિરૂધ્ધ ભવિષ્યમા અપીલ થાય તો તેવા સંજોગોમા એપેલેટ કોર્ટ સમક્ષ આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિમિનલ પ્રોસિજર કોડ ૧૯૭૩ની કલમ–૪૩૭ એ ની જોગવાઈ મુજબ અગાઉના જામીનદાર ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીના અગાઉના જામીન ના હોય તો તે સંજોગોમા આરોપીએ રૂા.૫૦૦૦/–ના અપીલ સમયના નવા જામીનખત અને જાતમુચરકા રજૂ રાખવા.

(૩) સદરહુ ગુનાનાં કામે કબજે કરવામાં આવેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર કાર્યવાહી કરી નાશ કરવો.

હુકમ આજ રોજ તારીખ–૧૮ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

તારીખ : ૧૮/૦૩/૨૦૨૬
સ્થળ: સાણંદ

**(એ.પી.દવે)**
બીજા એડિ. સિવિલ જજ
તથા જયુડી.મેજિસ્ટ્રેટ
સાણંદ